ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### શિનોર ટાઉન માંખ્વાજા મકબુલ સફી બાવાની દરગાહ ખાતે હોમીયોપોથી કેમ્પ યોજાયો



**શિનોર** : શિનોર ખાતે આવેલ મકબુલ સફી બાવા ની દરગાહ ખાતે સવારે 10 થી 2 વાગ્યા સુધી વલણ હોસ્પિટલ ના ડો નસરીન દીવાન ડો રેશમાં દીવાન તેમજ વડોદરા ની કાળજી હોસ્પિટલ ના ડો કામીલ દ્વારા દર્દીઓ ને તપાસી સર્વ રોગ હોમીયોપોથી સારવાર આપી દવાઓ પણ નિ:શુલ્ક આપવામાં આવી હતી. આ કેમ્પ મા હોમીયોપોથી ન્યુરો, ફિજિયો, એમ.પી.ટી જેવી તમામ સારવાર તેમજ દવાઓ પણ નિ:શુલ્ક આપવામાં આવી હતી. આ કેમ્પનો 70 ઉપરાત દર્દીઓએ લાભ લીધો હતો.

### ડભોઇ તાલુકાની 14 ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચની ચૂંટણી યોજાઈ



**ડભોઇ** : ડભોઇ તાલુકાની 28 ગ્રામ પંચાયતો ની યોજાયેલ ચૂંટણી બાદ સરપંચ ના પદ ગ્રહણ અને ડે.સરપંચ ની 14 ગ્રામ પંચાયતો માં ચૂંટણી યોજાઈ હતી.જેમાં કુંઢેલા જૂથ ગ્રામ પંચાયત માં બિન હરીફ ડે.સરપંચ ચૂંટાયા હતા. ડભોઇ તાલુકાની 28 ગ્રામ પંચાયતની યોજાયેલ ચૂંટણીઓ માંથી પાંચ ગ્રામ પંચાયતો માં બિન હરીફ સરપંચો વિજેતા થયા હતા.જ્યારે 120 સભ્યો બિનહરીફ વિજેતા થયા હતા.જે બાદ માં 23 ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાઈ હતી. જેના પરીણામ આવ્યા બાદ વિજેતા થયેલ સરપંચો અને ડે.સરપંચો ની નિમણૂક માટે બે દિવસીય ચૂંટણી પ્રક્રિયા તાલુકા પંચાયત ના નિમણૂક થયેલ અધિકારીઓ ની અધ્યક્ષતા માં યોજાઈ હતી.જેમાં પ્રથમ દિવસે 14 ગ્રામ પંચાયતો માં પદ ગ્રહણ અને ડે .સરપંચ ના પદ માટે ચુંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કુંઢેલા જૂથ ગ્રામ પંચાયત ખાતે બપોર ના 12 વાગ્યા થી ઈ. એ.ટી.ડી.ઓ. બિઝલબેન બ્રહ્મભટ્ટ ની અધ્યક્ષતા માં અને તલાટી હિરલબેન ની હાજરી માં પદગ્રહણ અને ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી.જેમાં સરપંચ તરીકે ચૂંટાયેલા રાઠોડિયા રાજુભાઈ ભયલાલભાઈ એ પદ ગ્રહણ કર્યો હતો.જ્યારે ડે.સરપંચ પદે પટેલ કમલેશભાઈ ઉર્ફે કૌશિકભાઈ શાંતિલાલ બિન હરીફ વિજેતા જાહેર થયા હતા.આમ બે દિવસીય પદગ્રહણ ની કાર્યવાહી માં પ્રથમ દિવસે 14 ગ્રામ પંચાયતો ના નિકાલ થતા ગ્રામ્ય વિસ્તારો માં આનંદ ની લાગણી વ્યાપી જવા પામી હતી.

### ડભોઈ શહેરના મહિલા કોગ્રેંસના પ્રમુખ તરીકે લતા સોનીની વરણી કરાઇ



**ડભોઇ** : ડભોઈ શહેર કોગ્રેસ મહીલા પ્રમુખ તરીકે ડભોઈ નગરપાલિકાના માજી પ્રમુખ તરીકે ડભોઈ કોગ્રેસમાં સક્રિય હતા વડોદરા જિલ્લા મહીલા કોગ્રેસના પ્રમુખ લતા સોનીએ ડભોઈ શહેરના મહિલા કોગ્રેસના પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવી છે આ વરણીને ડભોઈ કોગ્રેસ દ્વારા આવકારી ડભોઈમાં કોગ્રેસના કાર્યકરોમાં જોશ પુરશે એમ હાલ લાગી રહ્યું છે !

### હ.પયગંબરની શાનમાં થયેલી ગુસ્તાખી માટે બોડેલી મુસ્લિમ સમાજની નારાજગી



**બોડેલી** : હઝરત પયગંબર મોહમ્મદ (સ.અ.) ની શાનમાં થયેલી ગુસ્તાખી માટે બોડેલીના મુસ્લિમ અગ્રણીઓ ASP ને આવેદનપત્ર આપી નારાજગી દર્શાવવી હતી અને ગુસ્તાખી કરનાર સામે વિરોધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી બોડેલી મુસ્લિમ સમાજ દ્વારા માંગ કરવામાં આવી હતી. સસ્તી પ્રસિદ્ધિ મેળવવા ધાર્મિક લાગણી દુભાવવાનો પ્રયાસ કરનાર વિરુદ્ધ કાર્યવાહી કરવા બોડેલી મુસ્લિમ સમાજે માંગ કરી બોડેલી અલીપુરા થી મુસ્લિમ સમાજ ના લોકો દ્વારા મૌન રેલી સ્વરૂપે નીકળી ડભોઇ રોડ થી સેવા સદન ખાતે , એ એસ,પી અગ્રવાલ સાહેબને આવેદન આપ્યું હતું.

---

એ જગ્યાએ મેડીકલ વેસ્ટનો થોડો ભાગ સળગાવી પણ દેવામાં આવ્યો

# બોડેલી, ચાચક વિસ્તારમાં ખુલ્લામાં મેડિકલ વેસ્ટ ફેંકાયું આસપાસ જ અનેક હોસ્પિટલો આવેલી છે, જવાબદાર કોણ ?

**બોડેલી** તાલુકાના ચાચક વિસ્તારમાં હોસ્પિટલની ઘોર બેદરકારી સામે આવી

(પ્રતિનિધી) બોડેલી, તા.14

છોટાઉદેપુર જિલ્લામાં વધુ પડતી હોસ્પિટલો માટે પ્રખ્યાત એવું બોડેલી નગર છે બોડેલી જ કહેવાતું એવું બોડેલીને અડીને આવેલા ચાચક વિસ્તારમાં ખાનગી હોસ્પીટલના પાછળના ભાગે ખુલ્લામાં મેડિકલ વેસ્ટ પડેલો જોવા મળ્યો છે જ્યારે ઉલ્લેખનીય છે કે મેડિકલ વેસ્ટ ને તેની કલેક્શન કરવા માટે આવતી ગાડીમાં આપવામાં આવે છે હોસ્પિટલ દ્વારા ખુલ્લામાં મેડિકલ વેસ્ટ ફેંકી લોકો અને મુંગા પશુના આરોગ્ય સામે ચેડા કરવામાં આવતા હોય એવું લાગે છે ત્યારે તંત્ર દ્વારા આવી લાપરવાહી કેમ ચલાવી લેવાય આવી બાબતોનું તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું ન હોય એવું લાગી રહ્યું છે ટૂંક સમય અગાઉ પણ બોડેલી ખાતે જ આ રીતના એક હોસ્પિટલ ની સામે બનાવ બન્યો હતો તે બાબતનો પણ મીડિયા દ્વારા જ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો બોડેલી તાલુકાના ચાચક વિસ્તારમાં હોસ્પિટલની ઘોર બેદરકારી સામે આવી છે ચાચક વિસ્તારમાં અનેક મોટા હોસ્પિટલ આવેલા છે ત્યારે હોસ્પિટલના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં મેડિકલ વેસ્ટ ફેંકવામાં આવતા લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો



છે હોસ્પીટલમાં વપરાયેલા મેડિકલ વેસ્ટ ખુલ્લી જગ્યામાં નજરે ચડે છે જેને લઈ લોકોના આરોગ્ય સામે જોખમ ઉભું થયું છે મૂંગા પશુઓ ખોરાકની શોધમાં ફરતા હોય છે. જ્યારે આ મેડિકલ વેસ્ટ ખુલ્લામાં પડેલો હતો. પશુઓના પેટમાં જાય તો નુકશાન કારક બને છે જ્યારે આનાથી ઉડતા જીવાણુઓ પણ દરેક જીવ માટે નુકસાન કરક થઈ શકે મેડિકલ વેસ્ટના કારણે જમ્સ ફેલાય અને બીમારીઓ ફાટી નીકળે તેવી દહેશત છે ત્યારે તેનો જવાબદારી કોણ? એવા અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે શું આરોગ્ય વિભાગ આવી બેદરકારી દાખવતા હોસ્પિટલ સામે કોઈ તપાસ કરશે જો તપાસ કરવી જ હોય તો આસપાસના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવે તો દૂધ કા દૂધ ઓર પાની કા પાની એ કહાવત સાચી નિવડે એમ છે સામાન્ય રીતે મેડિકલ વેસ્ટને ડિસ્પોઝ કરવાની એક સિસ્ટમ હોય છે.તંત્ર દ્વારા પણ આ અંગે અનેક વાર સૂચના આપવામાં આવે છે તેમ છતાં નિયમોનું કોઇ પાલન થતુ નથી મેડિકલ વેસ્ટને લઈ હોસ્પિટલના સંચાલકો કેમ લોકોના આરોગ્ય બાબતે ગંભીરતાથી નોંધ નહિ લેતા હોય એવા અનેક સવાલો લોકોના મનમાં ચાલી રહ્યા છે.

#### શું કરી રહ્યું છે સ્થાનિક તંત્ર?

બોડેલીમાં જાહેર જગ્યા પર મેડિકલ વેસ્ટ હોસ્પીટલ દ્વારા નાખવામાં આવતા હોવાના બનાવો અગાઉ અનેક વખત સામે આવ્યા છે ત્યારે ફરી વાર ખાનગી હોસ્પીટલની લાપરવાહી સામે આવી છે ત્યાર આવી લાપરવાહી કોઈકનો જીવ જોખમમાં મૂકી શકે.આવુ તો અનેકવાર સામે આવ્યુ છે તંત્ર દ્વારા આવી લાપરવાહ હોસ્પિટલ સામે દંડ ફટકારવામાં આવશે કે અન્ય કાર્યવાહી કરવામાં આવે તે જોવુ રહ્યું.

---

## ડભોઈમાં છાશવારે કલાકો સુધી વીજ ધાંધિયાથી લોકો પરેશાન

**વીજ** વિભાગના અણગઢ વહીવટથી નાગરિકો ત્રાહીમામ

(પ્રતિનિધી) ડભોઈ, તા14

ડભોઈ નગર ના MGVCL ધ્વારા શનિવાર અને રવિવારે પૂર્વ કે પશ્ચિમ ગમે તે દિશામાં સમારકામના બહાને વીજ પુરવઠો કલાકો સુધી બંધ કરી દેવાની પ્રથાજ પડી ગઈ છે. જેના કારણે લોકોના પ્રસંગો અને રજા ના દિવસો બગડી જાય છે. એટલું જ નહીં સપ્તાહમાં ગમે ત્યારે કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતો હોય લોકો વીજ વિભાગના અનગઢ વહીવટથી ત્રાહીમામ પોકારી ગયા છે.

ડભોઈ ટાઉન માં વીજ કચેરીના સાહેબ બદલાયા ત્યાર થી જ નગરજનો વીજ પુરવઠાની અનિયમિત સેવા થી પરેશાન થઈ ગયા છે.મોંઘાદાટ યુનિટ ના ભાવ અને મસમોટા વીજ બિલો ચૂકવવા છતાં નગરજનો ને અનિયમિત વીજ પુરવઠો મળી રહ્યો છે.જેના કારણે વારંવાર બત્તી થઈ જતા લોકો ના કામો ખોરંભે પડી રહ્યા છે.નગરજનો ને ધંધાકીય નુકશાન વેઠવા સાથે વિદ્યાર્થીઓ ના અભ્યાસ માં પણ વીજ વિભાગ ના અનગઢ વહીવટ બાધારૂપ બની રહ્યો છે.સાહેબ કાઈ સમજવા તૈયાર નથી. રાજકીય અગ્રણીઓ સાહેબ ને કઈ કહેવા તૈયાર નથી. પરિણામે લોકો ને શોષવાનું આવી રહ્યું છે.પાછલા દોઢ વર્ષ થી થાકી ગયેલા લોકો એ પહેલા ડે.ઈજનેર એ.એ.વસાવા એ ડભોઈ વિભાગીય કચેરી માં કરેલ સંતોષ કારક કામગીરી ને લોકો યાદ કરી રહ્યા છે.જેથી લોકોને MGVCL નેજા હેઠળની ડભોઈ કચેરીના ત્રાસદાયક વહીવટ થી છૂટકારો મળે તેવી માંગ ઉઠવા પામી છે.

## જરોદમાં કર્મકાંડી બ્રાહ્મણના ઘરમાંથી 1.20 લાખની મતાની ચોરી

(પ્રતિનિધી) વડોદરા, તા.14

વાઘોડિયા તાલુકાના જરોદ ગામની બુકફિન્ડ્સ આઈલેન્ડ સોસાયટીમાં રહેતા વિજયકુમાર ચંદ્રાત્રે કર્મકાંડી બ્રાહ્મણ છે. વયોવૃધ્ધ વિજયભાઈના બીમાર પત્નીના ઓપરેશન બાદ જરોદ મકાનને તાળું મારીને વડોદરા રાવપુરા વિસ્તારમાં રહે છે. તેમણે જરોદ પોલીસમાં જણાવ્યું હતું કે વડોદરાથી તેઓ ૧૩મી તારીખે પરત જરોદ આવ્યા ત્યારે તેમના મકાનના તાળા તૂટેલા હતા. બેડરૂમની બે તિજોરીઓ ના લોકર તોડી એમાંથી રોકડા રૂ. ૨૦,૦૦૦ અને સોનાનો જુની પેઢીના ચપલાનો હાર તસ્કરો તફડાવી ગયા હોવાની શંકા વ્યક્ત કરી હતી.૧,૨૦,૦૦૦ રૂપિયાની માલમત્તાની ચોરીની ફરિયાદ જરોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

હાલ વિશ્વમાં 5જી અને 6જીના જમાનામાં પણ સર્વર ખોટકાવાના બનાવો બને છે !

## ડભોઈ સેવા સદનમાં સર્વર ખોરવાતા અરજદારો અટવાયા

**ડભોઇ** સેવા સદનમાં બે દિવસની રજા બાદ સેવાસદન માં અરજદારો ની ભારે ભીડ જોવા મળી

(પ્રતિનિધી) ડભોઇ, તા.??

ડભોઈ સેવા સદન માં બે દિવસની રજા બાદ સેવાસદનમાં અરજદારોની ભારે ભીડ જોવા મળી હતી.

આધારભૂત સુત્રો માંથી જાણવા મળ્યાં ગુજરાત નુ પ્રથમ બાર કરોડ ના ખર્ચે બનેલ સેવાસદન મા તાલુકા અને શહેર ની જનતા ને એક સાથે બધી જ સેવા મળી રહે એવા ઉદ્દેશ સાથે નિર્માણ કરવામાં આવેલ પરંતુ અવારનવાર સર્વર ડાઉન ના બનાવો બને છે જેને લઈને સેવા સદન મા આવકના દાખલા , જમીન ના ઉતારા અને અન્ય કામે આવેલા ઈસમો સવાર થી સલવાયા હતા ગુજરાત મા ખાનગી નેટવર્ક કામ કરતુ હોવાની ચર્ચા એ ચકચાર જગાવી છે ડભોઈ ના સેવા સદન માં સર્વર ના ખોટવાના બનાવો અવારનવાર બને છે જેને લઈને અરજદારો ત્રાહિમામ પોકારી ગયા છે હાલ વિશ્વ 5જી અને 6જી ના જમાનામાં સર્વર ખોટવાવા ના બનાવો બને છે !



રવિવારની મધ્ય રાત્રીએ પોણા બે ઇંચ જેટલો વરસાદ ખાબક્યો

## શિનોર પંથકમાં વરસાદની બેટિંગથી ખેડૂતોને વાવણી કરવી મુશ્કેલ બની

**છેલ્લા** ચાર- પાંચ દિવસના વરસાદી વિરામ થી ખેડૂતોને આંશિક રાહત હતી

(પ્રતિનિધી) શિનોર, તા.14

વડોદરા જીલ્લાના શિનોર પંથકમાં વરસાદની વહેલી શરૂઆત બાદ, નવા વર્ષ ની ખેતી વાવણી માટે આફતરૂપ બની સતત વરસી રહેલા વરસાદે રવિવારની મધ્ય રાત્રીએ તોફાની બેટિંગ કરી પોણા બે ઈંચ જેટલો વરસાદ ખાબકતાં, વાવણી માટે કાગડોળે રાહ જોઇ બેઠેલા ખેડૂતોની આશા પર ફરી એક વાર પાણી ફરી વળતાં ખેડૂતો મુંઝવણમાં મુકાયા છે. વરસાદની વહેલી એન્ટ્રિ થી શિનોર પંથકના ખેડૂતો નવા વર્ષ ની ખેતી માટે જમીન ને વાવણી લાયક બનાવવામાં, શરૂઆતના તબક્કાએ થી જ મુશ્કેલીમાં મૂકાયા હતા. તેમ છતાં વરસાદ રોકાઈ જઇ વાવણી લાયક જમીન તૈયાર કરવાની તક આપશે તેવી ખેડૂતોમાં આશા હતી. પરંતુ તે પછી સમયાંતરે સતત વરસી રહેલા વરસાદના પગલે ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો હતો. જેમાં છેલ્લા ચાર- પાંચ દિવસના વરસાદી વિરામ થી ખેડૂતોમાં આંશિક રાહત જોવાઈ રહી હતી. તેવામાં રવિવાર ની મધ્ય રાત્રીએ વરસાદે તોફાની બેટિંગ કરી દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબકી દેતાં, વાવણી માટે કાગડોળે રાહ જોઈ બેઠેલા ખેડૂતોની આશા પર પાણી ફરી વળતાં ખેડૂતો ભારે મુંઝવણ માં મૂકાયા છે.



## વડોદરા- હાલોલ રોડ પર બાઈક સ્લીપ થઈ ડિવાઈડર સાથે ભટકાતા 2 યુવકોના મોત

**પાવાગઢ** માતાજીના મંદિરે જતા દર્શનાર્થીને નડ્યો અકસ્માત

(પ્રતિનિધી) વાઘોડિયા, તા.14

વડોદરા-હાલોલ રોડ પર જરોદ નજીક પાંચદેવલા ગામ પાસે વડોદરાથી પાવાગઢ માતાજીના દર્શનાર્થે જતાં બાઈક ચાલકને જરોદના પાંચ દેવલા પાસે અકસ્માત નડ્યો હતો. ગત રોજ વરસાદી માહોલના કારણે બાઈક ચાલકનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થઈ જતા રોડ ડીવાઈડરમાં ભટકાતા બંન્ને યુવકો ઈજાગ્રસ્ત બન્યા હતા. જરોદ રેફરલ હોસ્પિટલમાં 108 મારફતે સારવાર અર્થે લવાતા વધુ ગંભીર ઈજાઓને કારણે ટુંકી સારવાર બાદ બંન્ને યુવકોનુ મોત નિપજ્યું હતું. વડોદરા સત્યનગર માણેજા ખાતે રહેતા શિવાક દિલીપકુમાર સિંહ ઉ.૨૨ અને તેના મિત્ર ધનંજય મનોજકુમાર ઉ.૨૦ રહે, તુલસીનગર મકરપુરા વડોદરાનુ વડોદરાથી પાવાગઢ માતાજીના દર્શન અર્થે જતા જરોદ નજીક પાંચદેવલા પાસે વરસાદી માહોલના કારણે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થઈ ધડાકાભેર મોટરસાયકલ ડિવાઈડર સાથે ભટકાતા બાઈક ચાલક અને પાછળ બેઠેલો યુવક ફંગોળાઈ જતા રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામા આવતા બંને યુવાનોને શરીરે ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન મોતને ભેટ્યા હતા. બંને યુવાનો ના પરીવારજનોને અકસ્માતની જાણ થતાં જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવતા પરીવારજનો એ ભારે રોકકળ કરી મૂકી હતી. જરોદ પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી હતી.







## ખેરવાડી ડુંગરમાં કાર પલટી, 3 ઈજાગ્રસ્તો પૈકી ચાલકનું મોત

**ભગાપુરા** ગામે જમીન જોઈ પરત ફરતી વખતે બની ઘટના

(પ્રતિનિધી) વાઘોડિયા, તા.14

વાઘોડિયા તાલુકાના ખેરવાડી ડુંગરમાં કાર પલટી મારતા ત્રણ ઈજાગ્રસ્ત પૈકી કાર ચાલકનુ સારવાર દરમ્યાન મોત થયું હતું. હિતેશકુમાર સુરેશભાઈ પટેલ ઘનલક્ષ્મી બંગલો નરીયાન પાર્ક સોસાયટી ઈન્દિરા ગાંધી સ્ટેચ્યુ પાસે આણંદના જમીનનો લે વેચવાનો ધંધો કરે છે તેઓ પોતાની કાર લઈ વાઘોડિયાના ખેરવાડી ગામે તેમના વડોદરા રહેતા મિત્ર જગદીશભાઈ દરબાર સાથે આવ્યા હતા. અને ખેરવાડી ગામે હરિ કિશોર પટેલ ઉ. 65ની ત્યા ચા-નાસ્તો કરી ત્રણેય મિત્રો કારમાં બેસી ભગાપુરા ગામની સીમમા જમીન જોઈ પરત ફરતી વખતે વાઘોડિયા ખેરવાડી તરફ ડુંગરવાળા રસ્તે આવતા હતા ત્યારે હિતેશ પટેલ ગાડી ચલાવતા હતા તેવામાં કોરી પાસે અચાનક સામેથી આવતા વાહનના કારણે કિશોરભાઈએ પોતાની ગાડી રોડની સાઈટ ઉતારતા ગાડી બે ચાર પલટી મારી કોરીના ખાડા પાસે અટકી હતી. આ અકસ્માતોમાં ત્રણેયની ઈજા થતા હોસ્પિટલમાં દાખલ કરાતા હિતેશ પટેલનું ગંભીર ઈજાઓથી મોત નિપજયુ હતુ.

ડભોઇ પંથકમાં હાલ મોસમનો કુલ વરસાદ 20 ઈચ નોંધાયો

## ડભોઈ વઢવાણામાં ડાંગરની રોપણીના શ્રીગણેશ

**હાલ** પંથકમાં શરૂઆતમાં જ ૩૮૪૧ હેક્ટર માં ડાંગરની રોપણી થઈ ચૂકી

(પ્રતિનિધી) ડભોઇ, તા.14

ડભોઇ પંથકમાં હાલ મોસમનો કુલ વરસાદ ૨૦,ઈચ નોંધાઈ ચૂક્યો છે. હવામાન ખાતાની આગાહી મુજબ હજુ પણ વરસાદ રોકાવાનું નામ લેતો નથી. જેને કારણે ખેડૂતોની વાવણી કરવાની સીઝન પાછી ઠેલાતી જાય છે. હાલના માપ મુજબ તાલુકાની કુલ ખેત જમીન ૫૩૨૯૪ હેક્ટર પૈકી માત્ર ૧૩૫૬૧ હેક્ટર માં જ વાવણી થઈ છે.જેમાં સામે પિયતની સગવડ ધરાવતા ખેડૂતો દ્વારા ડાંગર ના પાકની રોપણી ના શ્રીગણેશ થઈ ચૂક્યા છે.ત્યારે હાલ પંથકમાં શરૂઆત માં જ ૩૮૪૧ હેક્ટર માં ડાંગરની રોપણી થઈ ચૂકી છે.ચાલુ વર્ષ માં ડાંગર ની રોપણી નો આંક ૯ થી ૧૦ હજાર હેક્ટર સુધી પહોંચશે.સાથે બીજા અન્ય પાકો માં મંદગતિએ રોપણી કરવાની શરૂઆત ખેડૂતોએ કરી છે.પણ વરસાદ થોભે જમીનને વરાપ મળે માટે ખેડૂતો હવે વરસાદ થોડા દિવસ ખમે એની રાહ જોઈ રહ્યા છે.

હવામાન ખાતાની આગાહી મુજબ અરબી સમુદ્રમાં હાલ પણ ત્રણ સિસ્ટમ સક્રિય હોય વરસાદ વધુ પ્રમાણમાં હજુ પડશે ની આગાહીઓ થઈ રહી છે.જેની સીધી અસર હાલ ડભોઇ પંથકની ખેતી પર જોવા મળી રહી છે. ખાસ કરીને જોવા જઈએ તો આ ખેતીપ્રધાન તાલુકામાં ડાંગર ઘઉં અને કપાસ ની ખેતી મોટા પ્રમાણમાં થાય છે.



## ડભોઈ વડોદરા માર્ગ પર કારમાં આકસ્મિક આગ લાગતા દોડધામ



(પ્રતિનિધી) ડભોઈ, તા.14

ડભોઈ વડોદરા માર્ગ પર આવેલ થુવાવી ગામ પાસે ચાલતી કાર મા આકસ્મિક રીતે આગ લાગી હતી.ધુમાડા નીકળતા જ ચાલક સહિત ના કાર મા મુસાફરી કરતા લોકો સાવચેતી રાખી કાર માંથી નીચે ઉતરી ગયા હતા. જોતજોતા માં કાર આગ ની જવાળાઓ માં લપેટાઈ ગઈ હતી. બનાવની જાણ પોલીસ ને થતા ભીલાપુર આઉટ પોષ્ટ ના જમાદાર બાલુભાઈ પોતાના પોલીસ કોન્સ્ટેબલો સાથે મારતા ઘોડે ઘટના સ્થળે દોડી આવ્યા હતા.અને ટ્રાફિક રોકાવી દિધો હતો.